PRGI : GJGUJ/25/A4373

દર સોમવારે નિયમિત પ્રસિધ્ધ થતું સાપ્તાહિક અખબાર...

કોઈપણ કિંમત પર સમાચાર...

# સાબર રીપોર્ટર ન્યૂઝપેપર

Weekly સાપ્તાહિક ગુજરાતી

સહતંત્રી : શીતલ ઠાકર । મો.૯૭૨૭૮ ૬૧૩૬૦
તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

રજિસ્ટર્ડ સરનામું : ૮૯૨, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા,તા.ઈડર,જી.સાબરકાંઠા-૩૮૩૪૩૦. મો.૯૮૯૮૬૯૩૯૮૫ E-mail : badshahpathan@gmail.com

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

તા.૩૧-૦૮-૨૦૨૬ સોમવાર । અંક નં.૩૫ । પાના : ૪ । વર્ષ : ૧ । કિંમત રૂા.૨ । વાર્ષિક : ૧૦૦ Date : 31-08-2026 MONDAYI Isseu No. 35 I Page : 4 I Year : 1 I Price : 2 Yearly : Rs. 100

# વિજયનગર પોલીસે રૂ. ૧.૨૨ લાખના વિદેશી દારૂ સાથે બ્રેઝા કાર ઝડપી રૂ. ૫.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત, અમદાવાદના બે ઈસમ પકડાયા

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેસર વિદેશી દારૂની હેરાફેરી સામે પોલીસે લાલ આંખ કરી છે. રેન્જ ડીઆઈજીશ્રી વિરેન્દ્રસિંહ યાદવ તથા સાબરકાંઠા પોલીસ અધિક્ષકશ્રી પાર્થરાજસિંહ ગોહીલ (IPS) અને ખેડબ્રહ્મા વિભાગના નાયબ પોલીસ અધિક્ષકશ્રી કુલદીપ નાયીની સુચનાથી ચલાવવામાં આવી રહેલી પ્રોહીબિશન ડ્રાઈવ અંતર્ગત કાલવણ ચેક પોસ્ટ પાસેથી વિજયનગર પોલીસે ચોક્કસ બાતમીના આધારે એક મારૂતી બ્રેઝા કારમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

ઘટનાની વિગત:

વિજયનગર પોલીસ સ્ટાફ કાલવણ ચેક પોસ્ટ ખાતે વાહન ચેકિંગમાં હતો. તે દરમિયાન અ.પો.કો. મહાવીરસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી એક મારૂતી બ્રેઝા કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરીને આવી રહ્યો છે. બાતમીના આધારે કાલવણ ચેક પોસ્ટ ખાતે તુરંત નાકાબંધી કરવામાં આવી હતી.નાકાબંધી દરમિયાન રાજસ્થાન તરફથી આવતી મારૂતી બ્રેઝા કાર (રજી. નં. GJ-01-RU-1951) ને રોકીને ચેક કરતા, કારની પાછળની સીટના નીચેના ભાગે તેમજ ડેકીમાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની કુલ બોટલ નંગ-૯૮૪ (કુલ ૩૧ પેટીઓ) કિંમત રૂ. ૧,૨૨,૭૬૦/- નો જથ્થો મળી આવ્યો હતો.

કબ્જે કરાયેલ મુદ્દામાલ:

ભારતીય બનાવટનો વિદેશી દારૂ (૯૮૪ બોટલ/૩૧ પેટીઓ): રૂ. ૧,૨૨,૭૬૦/-

મારૂતી બ્રેઝા કાર (GJ-01-RU-1951): રૂ. ૪,૦૦,૦૦૦/-

મોબાઈલ ફોન (નંગ-૨): રૂ. ૩૦,૦૦૦/-

કુલ જપ્ત મુદ્દામાલ: રૂ. ૫,૫૨,૭૬૦/-

પકડાયેલ આરોપીઓ:

૧. સચિન સ/ઓ ભીખાભાઈ સોમાજી ઠાકોર (ઉં.વ. ૨૩, રહે. મકાન નં. ૧૧૫, ખેગાજીનો ટેકરો, બકરામંડી, રાણીપ, અમદાવાદ)૨. સાવન સ/ઓ વિકાસભાઈ નટવરજી ઠાકોર (ઉં.વ. ૨૨, રહે. ખેગાજીનો ટેકરો, પાણીની ટાંકી પાસે, રાણીપ, અમદાવાદ)

વોન્ટેડ આરોપી:

૩. લલીત ચૌધરી (સેલ્સમેન, રાજસ્થાન ડૈયા ઠેકા ઉપર)

કામગીરી કરનાર પોલીસ ટીમ:

બી.ડી.રાઠોડ (ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર)અ.હેડ.કોન્સ. સુરેશકુમાર કડવાજી (બ.નં. ૩૭૬)અ.પો.કો. મહેશકુમાર વકસીભાઈ (બ.નં. ૫૯૪)અ.પો.કોન્સ. નૃપેશકુમાર અરવિંદભાઈ (બ.નં. ૯૮૪) અ.પો.કોન્સ. મહાવીરસિંહ પ્રભાતસિંહ (બ.નં.૭૪૫)

## હિંમતનગર લો કોલેજમાં ઓરીએન્ટેશન પ્રોગ્રામ અને સર્ટિફિકેટ વિતરણ સમારોહ યોજાયો

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગર ખાતે તા. ૨૫-૦૮-૨૦૨૬ના રોજ એલએલ.બી. તથા એલએલ.એમ.ના સેમેસ્ટર–૧ના નવપ્રવેશિત વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામ તેમજ કોલેજના વિવિધ કાર્યક્રમોમાં વિજેતા અને ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિન્સિપાલ ડો. બિનલબેન પટેલે ઉપસ્થિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ વિદ્યાર્થીઓને અભ્યાસ અને કારકિર્દી અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે હિંમતનગર બાર એસોસિએશનના પ્રમુખશ્રી રાજેન્દ્રકુમાર વી. શર્મા સર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને કાયદાના ક્ષેત્રમાં રહેલી વિવિધ તકો, વકીલાતના વ્યવસાયની ગરિમા અને ભવિષ્યની કારકિર્દી અંગે ખૂબ જ ગહન અને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં વિજેતા થયેલા અને ઉત્સાહભેર ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. જય પ્રકાશ જાની અને ડો. પારસબેન દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે કાર્યક્રમના અંતે ડો. વૈદેહી પંડ્યાએ આભાર વિધિ કરી હતી. કોલેજના સમગ્ર સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓના અભૂતપૂર્વ સહયોગથી આ સંપૂર્ણ કાર્યક્રમ અત્યંત ઉત્સાહપૂર્ણ અને સકારાત્મક વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## પારસ વિદ્યાલય લાંબડિયા માં સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણી

ગુજરાતમાં તા. ૨૫થી ૩૧ ઓગસ્ટ દરમિયાન પ્રથમવાર રાજ્યવ્યાપી સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત તા. ૨૫ ઓગસ્ટ, મંગળવારના રોજ લાલકિયા સ્થિત પારસ વિદ્યાલય ખાતે સંસ્કૃત સપ્તાહ મહોત્સવના પ્રથમ દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. રાજ્યભરમાં આ મહોત્સવના આયોજનની પુષ્ટિ પણ વિવિધ અહેવાલોમાં કરવામાં આવી છે.

કાર્યક્રમમાં મામલતદારશ્રી બાંરવ્યાસ, નાયબ મામલતદાર શ્રી ચિંતનભાઈ ઉપાધ્યાય, સમાજસેવક પરેશભાઈ, સરપંચશ્રી અનિતાબેન, જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી લીલુબેન બકારા, તાલુકા પંચાયત પ્રમુખ જનકભાઈ, ડી.ઈ.ઓ. હિંમતનગર તથા પોશીના બ્લોકના મુખ્યાધ્યાપક શ્રી જયદીપભાઈ પુરોહિત સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાલુકા પંચાયતના સભ્યો, પૂર્વ જિલ્લા પંચાયત સભ્યો, સ્વાધ્યાય પરિવારના સભ્યો તેમજ શિક્ષણ જગત સાથે સંકળાયેલા આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રીય રીતે કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ સંસ્કૃત ભાષાના મહત્વ તથા ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપરંપરામાં સંસ્કૃતના યોગદાન અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સંસ્કૃત સપ્તાહનો મુખ્ય હેતુ સંસ્કૃત ભાષા અને ભારતીય જ્ઞાનપરંપરાને નવી પેઢી સુધી પહોંચાડવાનો છે. રાજ્યવ્યાપી આયોજનમાં શાળાઓ, મહાવિદ્યાલયો અને વહીવટીતંત્રને પણ જોડવામાં આવ્યા છે.

આ પ્રસંગે સંસ્કૃત ભાષામાં વક્તવ્ય તથા શ્લોકોચ્ચાર કરવામાં આવ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃતના મહત્વને ઉજાગર કરતી વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. સંસ્કૃતના પ્રચાર-પ્રસાર સાથે ભારતીય સંસ્કૃતિ, વારસા અને મૂલ્યોને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ભગવાન શ્રીરામ, લક્ષ્મણ, માતા સીતા તેમજ ભારતમાતાના વેશભૂષામાં સજ્જ વિદ્યાર્થીઓ સાથે સંસ્કૃત ગૌરવ યાત્રા પણ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃતના શ્લોકો અને સુભાષિતોના પઠન સાથે યાત્રામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો.

## મુડેટીના ચાર યુવાનોની ૧,૧૦૧ કિમીની કાવડયાત્રા ૨૧ લીટર ગંગાજળ સાથે ૩૮ દિવસથી પગપાળા સફર



શ્રાવણ માસ દરમિયાન ભગવાન ભોળાનાથ પ્રત્યેની અખંડ ભક્તિ અને સંકલ્પનું અનોખું ઉદાહરણ ઈડર તાલુકાના મુડેટી ગામના ચાર યુવાનોએ પૂરું પાડ્યું છે. મુડેટી ગામના ધવલભાઈ પટેલ સહિત ચાર યુવાનો હરિદ્વારથી ૨૧ લીટર પવિત્ર ગંગાજળ લઈને આશરે ૧,૧૦૧ કિલોમીટરની પગપાળા કાવડયાત્રા કરી રહ્યા છે.

ચારેય યુવાનો કાવડમાં અંદાજે ૨૬ કિલો જેટલું વજન લઈને સતત ૩૮ દિવસથી પગપાળા યાત્રા કરી રહ્યા છે. યાત્રા દરમિયાન ભગવાન શિવનું નામસ્મરણ, ધાર્મિક નિયમોનું પાલન તથા સંયમ જાળવી તેઓ પોતાના વતન તરફ આગળ વધી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં આટલા લાંબા અંતરની કાવડયાત્રા ભક્તિ અને સંકલ્પનું અનોખું ઉદાહરણ બની છે.

કાવડયાત્રીઓને પ્રોત્સાહન આપવા મુડેટીના ગ્રામજનો તેમજ સમાજના આગેવાનો સાથે કાનપુર ગામના નીખિલભાઈ ચૌધરી, ચિરાગભાઈ પટેલ અને કમલેશભાઈ પ્રજાપતિ સહિતના યુવાનો રાજસ્થાનના ખેરવાડા ખાતે પહોંચ્યા હતા. તેમણે કાવડયાત્રીઓનું સ્વાગત કરી તેમની ભક્તિ અને સંકલ્પને બિરદાવ્યો હતો તેમજ યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

હરિદ્વારથી કાવડ લઈને મુડેટી જવા નીકળતા અગાઉ ગામમાં ચારેય યુવાનોને ઢોલ-નગારાના તાલે તથા 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે ભાવભીની વિદાય આપવામાં આવી હતી. ત્યારથી ચારેય યુવાનો સતત પગપાળા યાત્રા કરી રહ્યા છે.

આ કઠિન યાત્રા પૂર્ણ કરી ચારેય કાવડયાત્રીઓ આગામી ૩૧ ઓગસ્ટે મુડેટી ગામે પહોંચશે. ત્યારબાદ હરિદ્વારથી લાવવામાં આવેલા પવિત્ર ગંગાજળથી મુડેટીના પ્રાચીન વિશ્વનાથ મહાદેવ મંદિર તેમજ વૈજનાથ મહાદેવ મંદિરે જલાભિષેક કરવામાં આવશે. યુવાનોની આ ધાર્મિક યાત્રાને પગલે મુડેટી સહિત આસપાસના વિસ્તારમાં ભક્તિમય માહોલ સર્જાયો છે.

## સાબરકાંઠાને મળ્યા ૧૧ નવા '૧૧૨ જનરક્ષક' વાહનો ઇમરજન્સી કોલ પર ૧૦ મિનિટમાં પહોંચશે મદદ

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ઇમરજન્સી સેવાઓને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે એક મહત્વપૂર્ણ પહેલ શરૂ કરવામાં આવી છે. રાજ્યભરમાં ૫૦૦ જેટલા '૧૧૨ જનરક્ષક' વાહનોનું લોકાર્પણ કર્યા બાદ સાબરકાંઠા જિલ્લાને ૧૧ નવા જનરક્ષક વાહનો ફાળવવામાં આવ્યા છે. આજે જિલ્લા પોલીસ વડા ડો. પાર્થરાજસિંહ ગોહિલે લીલી ઝંડી દર્શાવી આ વાહનોને પ્રજાની સેવામાં કાર્યરત કર્યા હતા.

આ નવતર અભિગમ હેઠળ હવે કોઈ પણ ઇમરજન્સી સમયે સેવાઓ માટે પણ આ એક જ નંબર ઉપયોગી સાબિત થશે.

ગાંધીનગરથી મોનિટરિંગઃ કોલ મળ્યા બાદ વાહનની સ્થિતિ (લોકેશન) અને રિસ્પોન્સ ટાઈમનું સીધું મોનિટરિંગ રાજ્ય કક્ષાએ ગાંધીનગરથી કરવામાં આવશે, જેથી સમયસર મદદ પહોંચાડી શકાય.

ઝડપી પ્રતિસાદઃ જિલ્લામાં ૧૧ નવા વાહનો ઉમેરાવાથી ઇમરજન્સી સેવાઓ વધુ સુદ્રઢ અને ઝડપી બનશે.

જિલ્લા પોલીસ વડા ડો. પાર્થરાજસિંહ ગોહિલે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ પ્રકારની આકસ્મિક કે કટોકટીની પરિસ્થિતિમાં ૧૧૨ નંબરનો વધુમાં વધુ ઉપયોગ કરી સરકારી સેવાનો લાભ લેવો.

## હિંમતનગરમાં શ્રીજી મહારાજના દિવ્ય હિંડોળા દર્શન પૌરાણિક સિક્કાઓના અનોખા શણગારે ભક્તોમાં આકર્ષણ જમાવ્યું

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે હિંમતનગર ખાતે શ્રી અમદાવાદ નરનારાયણ દેવ મંદિરના તાબા હેઠળ શ્રી કૃષ્ણ ભગવાનના દિવ્ય હિંડોળા દર્શનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન મંદિરમાં દરરોજ ભગવાન શ્રી કૃષ્ણને વિવિધ પ્રકારના મનમોહક અને આકર્ષક શણગાર સજાવીને હિંડોળે બિરાજમાન કરવામાં આવે છે, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છે.

આ આયોજનના ભાગરૂપે આજે ભગવાન શ્રી કૃષ્ણના હિંડોળાને પૌરાણિક (પ્રાચીન) સિક્કાઓથી સજાવીને અનોખો શણગાર કરવામાં આવ્યો હતો. પ્રાચીન સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરાની ઝાંખી કરાવતા આ દિવ્ય શણગાર દર્શન ભક્તો માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યા હતા.

શ્રાવણ માસ દરમિયાન હિંડોળા દર્શનનો લ્હાવો લેવા માટે હિંમતનગર શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. ભક્તો શ્રદ્ધાપૂર્વક દર્શન કરી દિવ્ય આનંદ અનુભવી રહ્યા છે અને ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કરી રહ્યા છે.

ભક્તો માટે આધ્યાત્મિક આસ્થાનું કેન્દ્રઃ સદગુણ સ્વામી શ્રી સ્વામિનારાયણ મંદિર, હિંમતનગરના સદગુણ સ્વામીએ જણાવ્યુ હતું કે, શ્રાવણ માસ દરમિયાન દરરોજ કરવામાં આવતા નૂતન શણગાર અને દિવ્ય હિંડોળા દર્શન શ્રદ્ધાળુઓ માટે આધ્યાત્મિક આનંદ અને વિશેષ આસ્થાનું કેન્દ્ર બન્યા છે. દરરોજ મોટી સંખ્યામાં હરિભક્તો દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવે છે.

## તલોદ પોલીસ સ્ટેશન વિસ્તારના મુધાસણા ગામમાં જુગાર રમતા બે ઈસમો ઝડપાયા, રૂ.૨૫,૫૭૦નો મુદ્દામાલ કબ્જે

સાબરકાંઠા જિલ્લાની લોકલ ક્રાઇમ બ્રાન્ચે તલોદ પોલીસ સ્ટેશન વિસ્તારના મુધાસણા ગામની સીમમાં ગુજરાત જુગાર ધારા હેઠળ ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે. નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી વિરેન્દ્રસિંહ યાદવ (IPS), ગાંધીનગર વિભાગ તથા પોલીસ અધિક્ષક શ્રી ડૉ. પાર્થરાજસિંહ ગોહીલ (IPS), સાબરકાંઠાની સૂચના અને પો.ઇન્સ. શ્રી ડી.સી.સાકરીયા, એલ.સી.બી.ના માર્ગદર્શન હેઠળ બનાવેલી ટીમે આ કાર્યવાહી પાર પાડી.

તા.૨૫/૦૮/૨૦૨૬ના રોજ એલ.સી.બી. ટીમ તલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે બાતમી મળી કે મુધાસણા ગામની સીમમાં કેટલાક ઈસમો પત્તા-ગંજીપાનાથી પૈસાનો હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે ટીમે ઘટનાસ્થળે દરોડો પાડતાં જુગાર રમી રહેલા ઈસમો ભાગવા લાગ્યા, જેમાંથી પોલીસે પીછો કરી બે ઈસમોને રંગેહાથ ઝડપી લીધા, જ્યારે બાકીના નાસી છૂટવામાં સફળ રહ્યા.

ઝડપાયેલા બંને આરોપીઓ પાસેથી રૂ.૫૦૦ અને રૂ.૧૦૦ની નોટો મળી કુલ રૂ.૭,૪૦૦ રોકડ, ૫૨ ગંજીપાના તથા બે મોબાઈલ ફોન (કિંમત રૂ.૧૫,૦૦૦) અને અંગ ઝડતીમાં રૂ.૩,૧૭૦ મળી કુલ રૂ.૨૫,૫૭૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

પકડાયેલા આરોપીઓમાં (૧) સવધાનસિંહ ભવાનસિંહ રાઠોડ (ઉ.વ.૬૨, મુધાસણા) અને (૨) ચેહરસિંહ રૂમાલસિંહ રાઠોડ (ઉ.વ.૫૦, મુધાસણા)નો સમાવેશ થાય છે. જ્યારે સુરેશસિંહ મોહબ્બતસિંહ રાઠોડ, સુરેશસિંહ કિરણસિંહ રાઠોડ, પ્રવિણસિંહ પ્રભાતસિંહ રાઠોડ, અરજુનસિંહ પ્રહલાદસિંહ રાઠોડ અને ચકુસિંહ ભુપતસિંહ રાઠોડ સહિત પાંચ ઈસમો વોન્ટેડ જાહેર કરાયા છે.

તલોદ પોલીસ સ્ટેશનમાં ગુજરાત જુગાર ધારાની કલમ ૪,૫ મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં અ.હે.કો. ચિરાગકુમાર ભીખાભાઈ, અ.હે.કો. રાજુભાઈ જયરામભાઈ, અ.હે.કો. ભાવિનકુમાર રસિકલાલ તથા અ.પો.કો. વિકેશસિંહ પ્રવિણસિંહનો સહયોગ રહ્યો હતો.



રાકેશકુમાર પંચાલ
રીપોર્ટર
મો. ૯૬૦૧૫ ૮૩૬૫૨
પોશીના, જી. સાબરકાંઠા



જયેશ જોશી
રીપોર્ટર
મો. ૯૪૯૯૫ ૫૩૦૩૦
મુ.પો.લાંબડીયા, તા.પોશીના
જી.સાબરકાંઠા

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan, 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat 383430. Place & Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430.

# સાબરકાંઠા પોલ્ટ્રી ફાર્મર્સ એસોસિએશનની મહત્વની બેઠક યોજાઈ




લેબર ચાર્જ અને કંપનીઓ દ્વારા થતા શોષણ મુદ્દે ઉગ્ર ચર્ચા :સાબરકાંઠા જિલ્લા પોલ્ટ્રી ફાર્મર એસોસિએશનના તત્વાવધાન હેઠળ આજરોજ એક અગત્યની સમીક્ષા મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લાના મોટી સંખ્યામાં પોલ્ટ્રી ફાર્મરો ઉપસ્થિત રહ્યા હતા. મિટિંગ દરમિયાન ફાર્મિંગ ક્ષેત્રે વધતા જતા લેબર ચાર્જ (મજૂરી ખર્ચ) તેમજ ખાનગી પોલ્ટ્રી કંપનીઓ દ્વારા કરવામાં આવતા આર્થિક અને નીતિગત શોષણ અંગે વિસ્તૃત ગંભીર ચર્ચાઓ કરવામાં આવી હતી.

ફાર્મરો દ્વારા રજૂ કરાયેલી રજૂઆતો મુજબ, ઉત્પાદન ખર્ચ સામે યોગ્ય વળતર ન મળવાને કારણે અને કંપનીઓની એકતરફી નીતિઓને લીધે પશુપાલકો અને ફાર્મરો ભારે આર્થિક મુશ્કેલી વેઠી રહ્યા છે.

GC (ગ્રોઇંગ ચાર્જ) ના મુદ્દે ટૂંક સમયમાં લેવાશે આખરી નિર્ણય

એસોસિએશનના હોદ્દેદારો અને મંડળ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ફાર્મરોના હિત અને હક્કોનું રક્ષણ કરવું એ પ્રાથમિકતા છે. આવનાર દિવસોમાં પોલ્ટ્રી ફાર્મિંગ ક્ષેત્ર વધુ મજબૂત બને અને ખેડૂતોમાં જાગૃતતા આવે તેવા હેતુથી એસોસિએશન મંડળ દ્વારા ફરી એક વિશેષ બેઠક બોલાવવામાં આવશે. આ આગામી બેઠકમા GC (ગ્રોઇંગ ચાર્જ) વધારવા અને કંપનીઓ સમક્ષ મૂકવાના મુદ્દાઓ અંગે ગહન વિચારણા કરી સર્વસંમતિથી યોગ્ય અને આકરા નિર્ણયો લેવામાં આવશે.

'એકતા જ આપણી તાકાત' — સર્વત્ર સાથ અને સહકારની અપીલ

બેઠકના અંતે એસોસિએશન દ્વારા જિલ્લાના તમામ પોલ્ટ્રી ફાર્મર મિત્રોને એકજૂથ થઈને આગળ વધવા આહ્વાન કરવામાં આવ્યું હતું. એકતા જ આપણી સૌથી મોટી તાકાત છે ના નારા સાથે ફાર્મર હિતમાં સૌનો સાથ અને સહકાર અપેક્ષિત હોવાનું જણાવ્યું હતું. 'સૌનો સાથ, સૌનો સહકાર — ફાર્મર હિતનો સંકલ્પ' સાથે એસોસિએશને આગામી લડત કે નિર્ણય માટે સંગઠિત રહેવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# ચંદ્રાલાની શ્રી જ્યોતિ વિદ્યામંદિરમાં હર્ષોલ્લાસ સાથે રક્ષાબંધન પર્વ ઉજવાયું

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા સ્થિત શ્રી જ્યોતિ કેળવણી મંડળ સંચાલિત શ્રી જ્યોતિ વિદ્યામંદિરમાં આજે પવિત્ર રક્ષાબંધન પર્વની ભવ્ય અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય (ચંદ્રાલા)ના સંચાલિકા યોગીનાબેન દીદી તેમજ તેમની સાથે પધારેલ કાર્યકર્તા બહેનોએ ખાસ ઉપસ્થિતિ આપી હતી. તેમણે શાળાના વિદ્યાર્થીઓ, આચાર્ય શ્રી અને સમગ્ર સ્ટાફ પરિવારને રક્ષા સૂત્ર (રાખડી) બાંધી આશીર્વચન પાઠવ્યા હતા. પોતાના પ્રેરણાદાયી ઉદ્‌બોધનમાં યોગીનાબેન દીદીએ વિદ્યાર્થીઓને જીવનમાં સદ્‌ગુણો અપનાવવા અને તમામ પ્રકારની કુટેવોથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો.

સફળ આયોજન અને સંચાલન

આયોજનઃ શાળાના શારીરિક શિક્ષિકા બહેન દ્વારા રક્ષાબંધન કાર્યક્રમનું ઉત્કૃષ્ટ આયોજન કરાયું હતું.

સંચાલનઃ સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુંદર સંચાલન શ્રી કલાભાઈ ડોડીયાએ કર્યું હતું.

પ્રસંગોચિત પ્રવચનઃ આચાર્ય શ્રી રાકેશભાઈ પી. પટેલે વિદ્યાર્થીઓને તહેવારનું મહત્વ સમજાવી આભાર દર્શન કર્યું હતું.

સમગ્ર શાળા પરિવારની ઉત્સાહભેર ભાગીદારીથી આ કાર્યક્રમ ખૂબ જ ભાવસભર અને યાદગાર રહ્યો હતો.

# ખેરોજ નજીક સાબરમતી નદીમાં ડૂબી જવાથી બે યુવાનોના કરુણ મોત ઊંડા ખાડા બન્યા કાળ

અંબાજી-ખેડબ્રહ્મા હાઈવે પર આવેલા ખેરોજ ગામ નજીક સાબરમતી નદીના બ્રિજ નીચે એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. રોજિંદી પ્રવૃત્તિ મુજબ માછીમારી કરવા તેમજ નાહવા પડેલા બે યુવાનોના નદીના પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી સાથે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

મળતી માહિતી મુજબ, મૃતક યુવાનોના નામ પરમાર દિનેશ ઉદા અને પરમાર રાહુલ વાઘા અને ઉભોરા ગામના હોવાનું જાણવા મળ્યું છે. બંને યુવકો નદી કિનારે માછીમારી કરવા ગયા હતા અને પાણીમાં નાહવા પડ્યા હતા.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, નદીના પટમાં ખનનના કારણે ઊંડા ખાડા પડી ગયા હોવાથી યુવાનો પાણીના ઊંડાણમાં ખેંચાઈ ગયા હતા અને બહાર નીકળી શક્યા નહોતા. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. આ અંગે પોલીસ તથા તંત્રને જાણ કરવામાં આવતાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અયોગ્ય રીતે થયેલા ખનનના લીધે સર્જાયેલા ખાડા કાળ સાબિત થતાં મૃતકોના પરિવારજનોમાં ભારે આક્રોશ અને ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.




# હિંમતનગરમાં સાંસદ શોભનાબેન બારૈયા દ્વારા રક્ષાબંધનની અનોખી ઉજવણી

## ૧૨૨ સમૂહલગ્નની દીકરીઓને સાડી ભેટ અપાઈ

સાબરકાંઠાના હિંમતનગર સ્થિત નવા સર્કિટ હાઉસ ખાતે રક્ષાબંધન પર્વ નિમિત્તે એક લાગણીસભર અને અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા ગત વર્ષે યોજાયેલા સાંસદ સમૂહલગ્નમાં પ્રભુતામાં પગલાં પાડનાર ૧૨૨ દીકરીઓને ખાસ આમંત્રિત કરી સાડી ભેટ આપીને તહેવારની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

પોતાને સંતાનમાં માત્ર એક દીકરો હોવાથી અને દીકરી ન હોવાના કારણે સાંસદ શોભનાબેને સમૂહલગ્નની તમામ ૧૨૨ દીકરીઓને પોતાની જ દીકરીઓ માની તેમની સાથે આત્મીયતાપૂર્વક રક્ષાબંધન મનાવવાનો સ્નેહપૂર્ણ સંકલ્પ કર્યો હતો.

સરકારી યોજનાઓનો લાભ અને આગામી આયોજન

કાર્યક્રમ દરમિયાન સાંસદે દીકરીઓ પ્રત્યે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સમૂહલગ્નમાં પરણેલી જે દીકરીઓ પાસે પોતાનું ઘર નથી, તેમને સરકારની 'પંડિત દીનદયાળ આવાસ યોજના' જેવી કલ્યાણકારી યોજનાઓ હેઠળ આવરી લઈ પોતાનું પાકું મકાન મળે તે માટે તંત્ર દ્વારા તમામ શક્ય પ્રયાસો કરવામાં આવશે.

આ સાથે જ પૂર્વ ધારાસભ્ય (પ્રાંતિજ) મહેન્દ્રસિંહ બારૈયાની હાજરીમાં જાહેરાત કરવામાં આવી હતી કે વર્ષ ૨૦૨૭માં ફરી એકવાર ભવ્ય 'સાંસદ સમૂહલગ્ન'નું આયોજન કરવામાં આવશે. સાંસદ પરિવારની આ અનોખી પહેલની સમગ્ર વિસ્તારમાં ભારે સરાહના થઈ રહી

# હિંમતનગર સહિત સાબરકાંઠામાં ઈદ-એ-મિલાદુન નબીની ભવ્ય ઉજવણી

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં બુધવારે ઈદ-એ-મિલાદુન નબીની ધાર્મિક શ્રદ્ધા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પયગંબર હઝરત મુહમ્મદ સાહેબના જન્મદિવસની યાદમાં યોજાયેલી ઉજવણી કરવામાં આવી હતી. પયગંબર હઝરત મુહમ્મદ સાહેબના જન્મદિવસની યાદમાં યોજાયેલી ઉજવણી અંતર્ગત જિલ્લાના વિવિધ સ્થળોએ મુસ્લિમ સમાજ દ્વારા જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં બિરાદરો જોડાયા હતા.

ઈદ-એ-મિલાદુન નબી નિમિત્તે મસ્જિદોમાં કુરાન શરીફની તિલાવત, નાત-એ-રસૂલ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મુસ્લિમ વિસ્તારો અને મસ્જિદોને આકર્ષક રોશનીથી શણગારવામાં આવતા રાત્રિના સમયે સમગ્ર વિસ્તાર ઝળહળી ઉઠ્યો હતો.

હિંમતનગરના પાણપુર પાટિયા વિસ્તારમાં પણ ઈદ-એ-મિલાદુન નબીના જશ્નની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ વિસ્તારોમાંથી નીકળેલા જુલુસમાં સમાજના લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. જુલુસ દરમિયાન પયગંબર સાહેબના જીવન, તેમના ઉપદેશો તથા માનવતા અને સૌહાર્દના સંદેશને યાદ કરવામાં આવ્યો હતો.

ઈદ-એ-મિલાદનો પ્રસંગ મુસ્લિમ સમાજ માટે ધાર્મિક આસ્થા સાથે માનવતા, પ્રેમ, ભાઈચારો અને શાંતિના સંદેશને જીવનમાં ઉતારવાનો અવસર માનવામાં આવે છે. આ નિમિત્તે યોજાયેલા ધાર્મિક કાર્યક્રમોમાં પયગંબર સાહેબના જીવન અને તેમના ઉપદેશો અંગે પણ લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં યોજાયેલી ઉજવણી દરમિયાન ધાર્મિક આસ્થા સાથે ભાઈચારો અને શાંતિનો માહોલ જોવા મળ્યો હતો. પયગંબર હઝરત મુહમ્મદ સાહેબના જીવનમાંથી મળતા માનવતા, પ્રેમ અને સૌહાર્દના સંદેશને સમાજ સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે ઈદ-એ-મિલાદુન નબીની ઉજવણી કરવામાં આવી હતી.

# ખેડબ્રહ્મા પોલીસે દારૂ સાથે આરોપીને ઝડપી પાડ્યો, રૂ.૩.૨૦ લાખનો મુદ્દામાલ કબજે

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન દ્વારા આંતરરાજ્ય બોર્ડર ઉપરથી પ્રોહિબિશન લગત ગેરકાયદેસર દારૂની હેરાફેરી ઝડપી પાડવામાં આવી છે. નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ (ગાંધીનગર વિભાગ) અને પોલીસ અધિક્ષક ડો. પાર્થરાજસિંહ ગોહીલ (IPS) તથા ડો. કુલદીપ નાયી, ખેડબ્રહ્મા વિભાગના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લામાં દારૂબંધી કડક બનાવવા આપવામાં આવેલી સૂચનાના પગલે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.વી. હડાત તથા સર્વેલન્સ ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.એમ. વસૈયા અને સ્ટાફ પેટ્રોલિંગમાં કાર્યરત હતા.

આ દરમિયાન બાતમીદાર મારફતે મળેલી ખાનગી બાતમીના આધારે રાજસ્થાનના કોટા તરફથી એક સિલ્વર કલરની ઈકો ગાડી (નંબર જી.જે.૦૭.ડી.બી.૨૧૮૦) ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરીને ખેડબ્રહ્મા તરફ આવી આવી રહી હોવાની માહિતી મળી હતી. આ બાતમીના આધારે પોલીસ ટીમે મેત્રાલ ગામના ત્રણ રસ્તા ઉપર નાકાબંધી કરી વાહન ચેકિંગ હાથ ધર્યું હતું.

ચેકિંગ દરમિયાન ઉલ્લેખિત ગાડી આવતાં ડ્રાઈવરે પોતાની ગાડી ઊભી રાખી હતી. ગાડીના બોનેટની અંદરના ભાગમાં કાગળમાં વીંટાળેલી હાલતમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની બોટલો તથા બિયરની બોટલો મળી આવી હતી. કુલ ૧૭૦ બોટલ, જેની કિંમત રૂ. ૩૫,૦૪૦ થાય છે, તે કબજે લેવામાં આવી હતી. સાથે જ ઈકો ગાડીની કિંમત રૂ. ૨,૭૫,૦૦૦ અને સેમસંગ કંપનીના મોબાઈલની કિંમત રૂ. ૧૦,૦૦૦ મળી કુલ રૂ. ૩,૨૦,૦૪૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પકડાયેલ આરોપીઃ આદમભાઈ રસુલભાઈ મનસુરી (રહે. રોયલ રેસિડન્સી, વિજાપુર રોડ, હિંમતનગર, જિ. સાબરકાંઠા).

પોલીસે આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર ડી.વી. હડાત, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.એમ. વસૈયા, એ.એસ.આઈ. સુનિલકુમાર કાન્તિભાઈ, પોલીસ કોન્સ્ટેબલ સુમતિભાઈ ચંદ્રભાઈ, વિનોદભાઈ મેવાભાઈ તથા પ્રા.પો.કો. જયદિપકુમાર હસમુખભાઈનો સહયોગ રહ્યો હતો.

શું હતો સમગ્ર વિવાદ?

ઈડર નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં કુલ ૪૩ ઉમેદવારી પત્રો ભરાયાં હતાં. ચકાસણી પ્રક્રિયાના અંતે ૨૦ ઉમેદવારોના ફોર્મ માન્ય ઠર્યા હતા અને તેમણે પ્રચારકાર્ય શરૂ કરી દીધું છે. બીજી તરફ, ઉમેદવાર મનીષાબેન જીગ્નેશભાઈ પંડ્યાનું ઉમેદવારી ફોર્મ ચૂંટણી અધિકારી દ્વારા રદ કરવામાં આવ્યું હતું.

ફોર્મ રદ થતાં મનીષાબેન પંડ્યાએ મહેસાણાની બોર્ડ ઓફ નોમિનીઝ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કેઃ

તેમનું ફોર્મ કોઈ યોગ્ય કારણ વગર અને પૂર્વગ્રહ રાખીને રદ કરવામાં આવ્યું છે.

તેમના પતિએ એક ખાનગી ફાઈનાન્સ કંપની પાસેથી લીધેલી લોન અંગે કંપની સાથે વિવાદ/તકરાર ચાલી રહી હોવાનું દર્શાવીને ફોર્મ રદ કરાયું હતું.

ચૂંટણી અધિકારીએ તેમને આ મામલે યોગ્ય રજૂઆત કરવાનો પૂરતો સમય કે તક આપી ન હતી.

આ આક્ષેપો સાથે તેમણે બેંકની ચૂંટણી પ્રક્રિયા પર કામચલાઉ મનાઈ હુકમ (Stay Order) માંગ્યો હતો.

કોર્ટનો ચુકાદો

કેસની સુનાવણી દરમિયાન બોર્ડ ઓફ નોમિનીઝ સમક્ષ બંને પક્ષો દ્વારા તીખી દલીલો કરવામાં આવી હતી અને જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરાયા હતા. બંને પક્ષોને સાંભળ્યા બાદ, નોમિનીઝ કોર્ટે મનીષાબેન પંડ્યાની ચૂંટણી રોકવા માટેની મનાઈ અરજીને ફગાવી દીધી છે.

કોર્ટના આ નિર્ણય બાદ હવે તા. ૨૩ ઓગસ્ટે યોજાનાર ઈડર નાગરિક સહકારી બેંકની બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણી નિયત સમયપત્રક મુજબ જ યોજાશે.

## સાબરડેરીની સાધારણ સભામાં મીડિયા પ્રવેશબંધી, પશુપાલકોમાં ભારે રોષ

સાબરકાંઠાઃ જિલ્લાની જીવાદોરી સમાન સાબરડેરી ફરી એકવાર વિવાદના વટોળમાં ઘેરાઈ છે. ડેરીની વાર્ષિક સાધારણ સભા (AGM) દરમિયાન ચોંકાવનારો નિર્ણય લેતાં નિયામક મંડળે મીડિયાના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દીધો હતો. મુખ્ય ગેટ પર જ સિક્યુરિટી સ્ટાફ તૈનાત કરી પત્રકારોને અંદર જતા અટકાવવામાં આવતાં દૂધ ઉત્પાદકો અને સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો છે, અને અનેક તર્ક-વિતર્કો શરૂ થયા છે.

ભ્રષ્ટાચાર અને ભાવફેરના આક્ષેપો વચ્ચે ઢાંકપિછોડાનો પ્રયાસ?'

છેલ્લા કેટલાક સમયથી સાબરડેરીના અનેક પશુપાલકો સોશિયલ મીડિયા તેમજ અન્ય માધ્યમો દ્વારા ડેરીના વહીવટમાં ચાલતા કથિત ભ્રષ્ટાચાર અને દૂધના ભાવફેરમાં થતી અન્યાયી નીતિ સામે સતત અવાજ ઉઠાવી રહ્યા છે. પશુપાલકોનો આક્ષેપ છે કે મહેનતનું યોગ્ય વળતર આપવાના બદલે વહીવટદારો પોતાના હિતો સાચવી રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે સાધારણ સભામાં જાહેર હિસાબો રજૂ થવાના હતા, ત્યારે જ મીડિયાને દૂર રાખવાનો નિર્ણય શંકાના ઘેરામાં આવ્યો છે.

વિરોધ સપાટી પર ન આવે તે માટે ઘડાઈ વ્યૂહરચના?

ભાવફેરમાં વિસંગતતા અને સત્તાધીશોની મનમાનીને લીધે સાબરડેરી છેલ્લા ઘણા વર્ષોથી સતત વિવાદોથી ઘેરાયેલી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સાધારણ સભા દરમિયાન પશુપાલકો દ્વારા હોબાળો થવાની અથવા તીખી રજૂઆતો સામે આવવાની પૂરેપૂરી શક્યતા હતી. વ્યૂહરચના?

ભાવફેરમાં વિસંગતતા અને સત્તાધીશોની મનમાનીને લીધે સાબરડેરી છેલ્લા ઘણા વર્ષોથી સતત વિવાદોથી ઘેરાયેલી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સાધારણ સભા દરમિયાન પશુપાલકો દ્વારા હોબાળો થવાની અથવા તીખી રજૂઆતો સામે આવવાની પૂરેપૂરી શક્યતા હતી.

આ વિરોધ અને વિવાદ જાહેરમાં ન આવે તેમજ કેમેરામાં કેદ ન થાય તે માટે નિયામક મંડળે આયોજનપૂર્વક મીડિયા પર બંધી ફેરવી હોવાની પ્રબળ ચર્ચાઓ જાગી છે.

સાધારણ સભા જેવા મહત્ત્વના મંચ પરથી મીડિયાને દૂર રાખીને સત્તાધીશો શું છુપાવવા માગે છે? તેવા સવાલો સાથે પશુપાલકોમાં ભારે અસંતોષની લાગણી જન્મી છે.

## પોશીનાના લાંબડીયામાં રક્ષાબંધન પર્વે ભવ્ય આદિવાસી મેળો ભરાયો



સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના લાંબડીયા ગામ ખાતે રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે આદિવાસી સમાજનો ભવ્ય મેળો યોજાયો હતો. આ પરંપરાગત મેળામાં આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં આદિવાસી ભાઈ-બહેનો અને ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા.

અહેવાલના મુખ્ય મુદ્દાઓઃ

સંસ્કૃતિ અને પરંપરાઃ આદિવાસી સમાજના લોકોએ એકબીજાને રાખડી બાંધીને રક્ષાબંધનની પવિત્ર પરંપરાને અનોખી રીતે ઉજવી હતી અને ભાઈચારાનો સંદેશ આપ્યો હતો.

બજારમાં ભારે ભીડઃ લાંબડીયા ગામના મંદિર પરિસર અને મુખ્ય બજાર વિસ્તારમાં સવારથી જ મેળાવડો જામ્યો હતો, જ્યાં સ્થાનિક વેપારીઓ અને હાટ-બજારમાં લોકોની ભારે ચહલપહલ જોવા મળી હતી.

મેળાનું આકર્ષણઃ નાના બાળકોથી લઈને વડીલો સુધીના તમામ લોકોએ મેળામાં ખરીદી કરી આનંદ માણ્યો હતો.

આ મેળો પોશીના પંથકની સ્થાનિક આદિવાસી સંસ્કૃતિ, એકતા અને ધાર્મિક આસ્થાનું પ્રતિક બન્યો હતો.

## સાબરકાંઠા જિલ્લા જેલમાં ભાવુક માહોલમાં રક્ષાબંધનની ઉજવણી

બહેનોએ જેલમાં બંધ ભાઈઓને રાખડી બાંધી :સાબરકાંઠા જિલ્લા જેલમાં આજે ભાઈ-બહેનના અતૂટ પ્રેમના પર્વ રક્ષાબંધનની હર્ષોલ્લાસ અને લાગણીસભર વાતાવરણમાં વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. જેલમાં બંધ કેદી ભાઈઓને રાખડી બાંધવા માટે સવારથી જ મોટી સંખ્યામાં બહેનો જેલ પરિસરમાં આવી પહોંચી હતી.

પવિત્ર પર્વને ધ્યાનમાં રાખીને જેલ પ્રશાસન દ્વારા મુલાકાતી બહેનો અને કેદી ભાઈઓના મિલન માટે ખાસ સુચારુ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેલ પરિસરમાં જ બહેનોએ પોતાના ભાઈઓના કાંડે પ્રેમ અને રક્ષણનું પ્રતીક એવી રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું હતું. લાંબા સમય બાદ એકબીજાને મળતા ભાઈ-બહેનો વચ્ચે લાગણીઓ છલકાઈ હતી અને અનેક બહેનોની આંખોમાં ખુશી સાથે ભાવુકતાના આંસુ જોવા મળ્યા હતા. કેદી ભાઈઓએ પણ બહેનોના સુખી જીવન માટે આશીર્વાદ પાઠવ્યા હતા.

જિલ્લા જેલ અધિક્ષક જે.જી. ચાવડા અને તલોદના મુલાકાતી જાનકી લેઉવા સહિત બહેનોએ જેલ તંત્ર દ્વારા કરવામાં આવેલી માનવીય વ્યવસ્થા પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો. ગુના અને સજાની વચ્ચે પણ પરિવાર પ્રત્યેનો પ્રેમ અકબંધ રહે તેવો આ માનવીય અભિગમ કેદીઓને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.